એ યુક્તિરૂપ વિચારનું સ્વરૂપ બુદ્ધિમાનોએ કહેલું છે કે સ્વપ્નાવસ્થામાં સ્થૂળ દેહનું ભાન નથી અને આત્માનું ભાન છે. જો સુષુપ્તિમાં સ્થૂળ તથા સૂક્ષ્મ બંને શરીરનું ભાન નથી. અને સુખરૂપ આત્માનું ભાન છે. જો સુષુપ્તિમાં સુખનું ભાન ન હોય તો હું સુખે સુતો એવી જાગીને સ્મૃતી થવી ન જોઇએ. માટે સુષુપ્તિમાં સુખનું જ્ઞાન છે એ સુષુપ્તિ કાળમાં વિષય જન્યને સુખ નથી, માટે પ્રતીત થયું જે સુખ તે આત્મા સ્વરૂપ સુખ છે અને તે આત્મ સ્વરૂપજ સુખરૂપે પ્રતીત થાય છે. અને સમાધીમાં અજ્ઞાન અને આવરણ રહીત આત્મા ભાસે છે, અજ્ઞાન રૂપ કારણ શરીર ભાસતું નથી. એવી રીતે ત્રણ શરીર એક અવસ્થાને છોડી બીજી અવસ્થામાં ભાસતા નથી. અને આત્મા તો સર્વ અવસ્થામાં ભાસે છે માટે આત્માને ત્રણે શરીરથી અને ત્રણે અવસ્થાથી ભીન્ન સમજવો. શાસ્ત્રમાં કહ્યું છે કેઃ—

घटद्रष्टा घटाद्भिन्न सर्वथा न घटो यथा।
देहद्रष्टा तथा देहो नाहंमित्येवधारयेत् ॥

અર્થઃ—જેમ ઘટનો દ્રષ્ટા ઘડાથી જુદો છે પણ ઘટરૂપ નથી તેમ દેહનો દ્રષ્ટા દેહથી જુદો છે તે દેહરૂપ થઇ શકે નહીં.

શિષ્ય—મારો આત્મા ત્રણ દેહનો અને ત્રણે અવસ્થાનો દ્રષ્ટા

છે માટે જુદો છે પણ મારા આત્માના સ્વરૂપને હું જાણતો નથી માટે કૃપા કરીને કહો.

ગુરૂ—શાસ્ત્રમાં કહ્યું છે કેઃ—

अंतःकरण तद्‌वृती साक्षी चैतन्य वीग्रह ।
आनंदरूपः सत्यः सन्कीमनात्मानं प्रपद्यते ॥

અર્થઃ—તું અંતઃકરણ તથા તેની વૃતીનો સાક્ષી છે. ચૈતન્ય સ્વરૂપ છે, આનંદસ્વરૂપ છે. તથા ત્રણે અવસ્થામાં બાધ રેહીત છે છતાં કેમ તું તારા સ્વરૂપને જાણતો નથી?

શિષ્ય—મારો આત્મા ત્રણે અવસ્થામાં છે માટે સત છે, ત્રણે અવસ્થાને જાણે છે માટે ચૈતન્ય છે, અને સર્વકાળ મારા આત્મામાં પરમ પ્રેમ છે માટે આનંદ-રૂપ છે, એ આપની કૃપાથી મેં જાણ્યું પણ બ્રહ્મના સ્વરૂપને હું જાણતો નથી.

ગુરૂ—વેદમાં શ્રુતિ છે કેઃ—

सत्यं ज्ञानमनंतं ब्रह्म

અર્થઃ—બ્રહ્મ સત્ય સ્વરૂપ જ્ઞાનસ્વરૂપ છે અનંત સ્વરૂપ છે, અર્થાત દેશકાળ વસ્તુરૂપ અન્તથી રહીત છે માટે અનંત રૂપ છે.

योवैभुमातत सुखंनाल्पे सुखमस्ती

અર્થઃ—તે બ્રહ્મજ સુખરૂપ છે, બ્રહ્મથી બીજા અનાત્મ તુચ્છ પદાર્થોમાં સુખ નથી.

શિષ્ય—આપના કહેવાથી આત્મા અને બ્રહ્મ બંને એકજ છે એમ સિદ્ધ થાય છે. કેમકે બંનેના લક્ષણ એકજ છે આપ આત્માનું લક્ષણ પણ સત્ચીત આનંદ કહો છો અને બ્રહ્મનું લક્ષણ પણ સત્ચીત આનંદ કહો છો માટે આપના કહેવાથી આત્મા અને બ્રહ્મ એકજ છે એમ સિદ્ધ થાય છે માટે એમાં મને શંકા થાય છે કે જીવ અને ઇશ્વર બંને એક થઇ શકે નહિ, કેમકે હું પૂન્ય પાપ કરૂં છું તેનું ફળ જન્મ મરણ સુખ દુઃખ ભોગવું છું અને અનેક પ્રકારના કલેશો મારે વિષે પ્રતીત થાય છે. અને મને અજ્ઞાન છે અને અજ્ઞાનની નીવૃતી માટે હું જ્ઞાનની ઇચ્છા કરૂં છું અને બ્રહ્મતો પૂન્ય પાપ રહિત છે અને જન્મ મરણથી રહિત છે અને સુખ દુઃખાદિ ભોગોથી રહિત છે અને અનેક પ્રકારના કલેશોથી રહિત છે અને બ્રહ્મને અજ્ઞાન નથી અને બ્રહ્મને જ્ઞાનની પણ ઇચ્છા નથી, માટે જીવ અને બ્રહ્મ બંને એક થઇ શકે નહિ. વળી એક બીજો પણ સંશય છે તે આપ સાંભળો. તે સંશય જીવ બ્રહ્મની એકતાના નિશ્ચયને ઘણો દુરજ ફેંકી દે છે તે સંશય સાંભળો. વેદમાં આ પ્રમાણે કથન કરેલું છે કે, એક બુદ્ધિરૂપી વૃક્ષમાં બે પક્ષી છે તે બંને સરખા

છે તેમાં એક તો કર્મના ફળને ભોગવે છે અને બીજો અસંગ છે અને ભોગ રહિત છે અને જે કર્મના ફળ ભોગવે છે તેને પ્રકાશે છે. એમાં કર્મના ફળ ભોગવવાવાળો જીવ પ્રતીત થાય છે અને કર્મના ફળ ભોગ રહિત પરમાત્મા પ્રતીત થાય છે. વળી વેદમાં કર્મ અને ઉપાસના પ્રતીપાદન કરેલી છે તે પણ જીવ બ્રહ્મની એકતા કહેવાથી નિષ્ફળ થઇ પડે છે કેમકે આપ જીવ બ્રહ્મની એકતા કહો છો તે શું. બ્રહ્મને વિષે જીવના સ્વરૂપનો અંતરભાવ કહો છો અથવા જીવના સ્વરૂપને વિષે બ્રહ્મનો અંતરભાવ કહો છો. જો કદાચિત બ્રહ્મને વિષે જીવનો અંતરભાવ કહે તો જીવને બ્રહ્મરૂપ હોવાથી જીવ કર્મ ઉપાસનાનો અધીકારી ઘટી શકે નહિ. જ્યારે કર્મ ઉપાસનાનો અધીકારી નહિ ત્યારે કર્મ ઉપાસના નિષ્ફળ થઇ પડે છે, અને જો જીવના સ્વરૂપમાં બ્રહ્મનો અંતરભાવ કહો તો બ્રહ્મ જીવરૂપ હોવાથી જેની ઉપાસના કરીએ તે ઉપાસ્યનો અભાવ થશે. માટે ઉપાસના નિષ્ફળ થશે અને કર્મના ફળ આપવાવાળા જે પરમાત્મા તેનો અભાવ થશે. એટલે કર્મ પણ નિષ્ફળ થશે માટે જીવ બ્રહ્મની એકતા ઘટે નહિ.

ગુરૂ—તેં ઘણોજ ઉત્તમ પ્રશ્ન કીધો. હવે સ્થીર ચિત્તથી એનું સમાધાન આપું છું તે સાંભળ. શ્રી શંકરાચાર્ય મહારાજે વાક્યવૃતી નામના ગ્રંથમાં કહ્યું છેઃ—

तत्वमस्यादी वाक्योत्थं यज्जीव परमात्मनो
तादात्म्य विषय ज्ञानंतदीदं मुक्तिसाधनं.

અર્થ:—તત્વમસી આદિ માહાવાકયના શ્રવણવડે થયેલું જે જીવાત્મા તથા પરમાત્માનું એક સ્વરૂપે જ્ઞાન અર્થાત સાક્ષાત્કાર એજ મુક્તિનું સાધન છે અને ચાર વેદના ચાર માહાવાકયો પણ જીવ બ્રહ્મની એકતા પ્રતીપાદન કરે છે માટે જીવ બ્રહ્મની એકતા પ્રમાણ યુક્ત છે રૂગવેદના એતરે ઉપનીશદમાં (પ્રજ્ઞાન બ્રહ્મ) એ મહાવાકય છે અને યજુરવેદની બ્રહ્મદારણ્યક ઉપદેશકમાં (અહંબ્રહ્માસ્મિ) એ મહાવાકય છે. સામવેદની છાંન્દોયગ્ય ઉપનીશદમાં (તત્વમસી) એ મહાવાકય છે. અને અથર્વવેદની માન્ડુકય ઉપનીશદમાં (અયમાત્મા બ્રહ્મ) એ મહાવાકય છે માટે જીવ બ્રહ્મની એકતા સપ્રમાણ છે. હે શિષ્ય! તેં જે પૂર્વે શંકા કરી છે તે શંકાની નીવૃતી માટે જે ઉપયોગી તત્વ છે તેને કહું છું. પંચદસીના ચીત્રદીપમાં વિદ્યારણ્યસ્વામી કહે છે કે ચીદાત્માની પારમાર્થીક એકતાનો નિશ્ચય કરવાને માટે વ્યવહાર દશામાં પ્રતીત થતા જે ભેદો છે તે જાણવા જોઇએ માટે તે ભેદો કહી દેખાડે છે.

कुटस्थो ब्रह्मजीवेशावित्येवंची चतुर्वीधा
घटाकाश महाकाशौ जलाकाशा अभ्रखेयथा.

અર્થ:—કુટસ્થ બ્રહ્મ જીવ અને ઇશ એ પ્રમાણે ચૈતન્ય ચતુર વિધિ છે, એટલે ચૈતન્ય ચાર પ્રકારનું છે જેમ ઘટાકાશ,

મહાકાશ, જલાકાશ અને મેઘાકાશ એવા ભેદથી આકાશ ચાર પ્રકારનું તેમ ઉપર કહેલી રીતે ચૈતન્ય ચાર પ્રકારનું છે.

શિષ્ય—કૃપા કરીને ચાર પ્રકારના ચૈતન્યનો ભેદ ભીન્ન ભીન્ન સ્પષ્ટ કરી સમજાવો.

ગુરૂ—કુટસ્થ ચૈતન્ય એટલે કુટનામ મીથ્યા જે આભાસ સહિત અંતઃકરણ તે જેને આશ્રીત છે એવું જે આશ્રયરૂપ નિર્વીકાર ચૈતન્ય તે કુટસ્થ ચૈતન્ય કહેવાય. એને સાક્ષી ચૈતન્ય પણ કહે છે અને ત્વંપદનો લક્ષ્યાર્થ પણ કહે છે. અથવા કુટનામ લુહારના એરણનું છે એટલે એરણના ઉપર અનેક ઘાટો ઘડીયે છીએ પણ એરણ જેવી ને તેવી નિર્વીકાર રહે છે તેમ સાભાસ અંતઃકરણ અનેક પ્રકારના સંકલ્પ વિકલ્પ કરે છે છતાં જે એરણની પેઠે નિર્વીકાર રહે છે તે કુટસ્થ કહેવાય.

શિષ્ય—જીવનું સ્વરૂપ કહો.

ગુરૂ—અંતઃકરણ તથા અંતઃકરણમાં ચૈતન્યનો આભાસ અને તે આભાસ સહિત અંતઃકરણનું અધિષ્ઠાન જે કુટસ્થ એટલે સાભાસ અંતઃકરણ સહિત ચૈતન્ય તે જીવ કહેવાય.

શિષ્ય—સુશુપ્તિમાં તો અંતઃકરણનો લય થાય છે માટે સુશુપ્તિમાં જીવના સ્વરૂપનો અભાવ થશે.

ગુરૂ—સુશુપ્તિમાં અજ્ઞાનને વિશે અંતઃકરણનો લય થાય છે માટે અજ્ઞાન સ્વરૂપજ અંતઃકરણ છે એટલે અંતઃકરણ નિષ્ઠ જે ચૈતન્યનો આભાસ હતો તે અજ્ઞાનનિષ્ઠ છે માટે જીવના સ્વરૂપનો અભાવ નથી, અર્થાત અજ્ઞાન રૂપ જે અવિદ્યા તેને વિશે ચૈતન્યનો આભાસ અને અવિદ્યાનું અધિષ્ટાન કુટસ્થ ચૈતન્ય તે જીવ કહેવાય.

શિષ્ય—ઇશ્વરનું સ્વરૂપ કહો.

ગુરૂ—માયા વિષે ચૈતન્યનો આભાસ અને તે સહિત માયાનું અધિષ્ઠાન ચૈતન્ય તે ઇશ્વર કહેવાય અર્થાત માયા-ઉપાધીક ચૈતન્ય તે ઇશ્વર કહેવાય. અને અવિદ્યા-ઉપાધીક ચૈતન્ય તે જીવ કહેવાય. માયાઉપાધીક ચૈતન્ય જે ઇશ્વર તે અંતર્યામી છે સર્વના અંતરમાં પ્રેરણા કરે છે માટે અંતર્યામી કહેવાય છે અને સદા મુક્ત છે કેમકે તેને પોતાના સ્વરૂપમાં આવરણ નથી, માટે જન્મ મરણાદિક બંધની પણ પ્રતીતી નથી એટલા માટે ઇશ્વર નિત્ય મુક્ત અને સર્વજ્ઞ છે. ઈશ્વરની ઉપાધી જે માયા તે શુદ્ધ સત્વ પ્રધાન છે અર્થાત રજોગુણ અને તમોગુણ દબાવી અને પ્રધાનરૂપે રહેવાવાળો જે સત્વગુણ છે તે સત્વગુણ પ્રધાન માયા ઇશ્વરની ઉપાધી હોવાથી તેને વિશે ચૈતન્યનો જે આભાસ છે તે આભાસને આવરણ નથી માટે ઈશ્વર મુક્ત છે ને સર્વજ્ઞ છે અહિંયા

રહસ્ય એ છે કે અધિષ્ટાન ચૈતન્ય તો જીવ અને ઇશ્વર બંનેના સ્વરૂપ વિશે બંધ મોક્ષ ભેદથી રહિત આકાશની પેઠે એકરસ છે, પરંતુ આભાસ અંશમાં બંધમુકત છે, જે આભાસ અંશમાં આવરણ છે તેને બંધ છે અને જે આભાસમાં આવરણ નથી તે મુક્ત છે ઇશ્વરના આભાસ અંશમાં આવરણ નથી માટે ઇશ્વર સદા મુક્ત છે. જીવના આભાસ અંશમાં આવરણ છે માટે જીવને બંધ છે, કેમકે જે અવિદ્યા અંશમાં ચૈતન્યના આભાસને જીવ કહ્યો તે અવિદ્યાને આવરણ કરવાનો સ્વભાવ છે કેમકે મલીન સત્વ પ્રધાન અવિદ્યા છે, અર્થાત રજોગુણ અને તમોગુણથી દબેલો જે સત્વગુણ તે મલીન સત્વગુણ કહેવાય, તે મલીન સત્વ પ્રધાન અવિદ્યા અથવા અજ્ઞાન તે જીવની ઉપાધી છે. માટે જીવની ઉપાધી જે અવિદ્યા છે તેમાં રજોગુણ તમોગુણની અધિકતા હોવાથી એ અવિદ્યામાં જે આભાસ અંશ જીવનો છે તેને તે અવિદ્યા સ્વરૂપનું આવરણ કરે છે, માટે જીવને બંધન છે અને ઇશ્વરમાં નહિ. અધિષ્ઠાન ચૈતન્ય સહિત માયામાં આભાસરૂપ ઇશ્વર તે તતપદનો વાચ્ય છે અને કેવળ અધિષ્ઠાન ચૈતન્ય તત્પદનો લક્ષ છે. અધિષ્ઠાન ચૈતન્ય સહિત માયામાં જે આભાસરૂપ ઇશ્વર તે જગતની ઉત્પત્તિ પાલણ અને સંહાર કરે છે. પણ અધિષ્ઠાનરૂપ જે ચૈતન્ય તે તો આકાશની પેઠે અસંગ છે, માટે અધિષ્ઠાન

ચૈતન્યમાં સત્તા સ્ફુરતી વગર બીજું કોઇ પણ ઐશ્વર્ય નથી.

શિષ્ય—બ્રહ્મનું સ્વરૂપ કહો.

ગુરૂ—બ્રહ્માંડની અંદર અને બહાર જે એક રસ પરીપૂર્ણ ભરપૂર જે ચૈતન્ય છે તે બ્રહ્મ કહેવાય. જેમ મહાકાશ સર્વ પદાર્થની અંદર અને બહાર એકરસ રહેલું છે તેમ આકાશની પેઠે જે પરીપૂર્ણ વ્યાપક ચૈતન્ય તે બ્રહ્મ કહેવાય. અર્થાત માયા વીશીષ્ટ ચૈતન્ય તે ઇશ્વર કહેવાય. તે બ્રહ્મ શબ્દનો વાચ્યાર્થ છે અને માયા રહિત શુદ્ધ ચૈતન્ય તે બ્રહ્મ શબ્દનો લક્ષ્યાર્થ છે. હે શિષ્ય! ચાર પ્રકારના જે ચૈતન્ય કહ્યા તેમાં જીવના સ્વરૂપમાં જે આભાસ અંશ છે તે પુન્ય પાપ કરે છે અને તેનું ફળ ભોગવે છે. અને કુટસ્થ અસંગ છે. માટે પ્રથમ જે તેં શંકા કરી છે કે બુદ્ધિરૂપી વૃક્ષમાં બે પક્ષી છે એક પરમાત્મા અને જીવ તેનું સમાધાન આપ્યું. પરમાત્મા અને જીવનું ગ્રહણ નથી પણ આભાસ અને કુટસ્થનું ગ્રહણ કરેલું છે કુટસ્થ પ્રકાશમાન છે અને આભાસ પૂન્યપાપનું ફળ સુખ દુઃખ ભોગવે છે. સારાંશ એ છે જે જીવના સ્વરૂપમાં જે આભાસ અંશ છે તે પૂન્ય પાપ કર્મ કરે છે અને તેનું ફળ ભોગવે છે, અને ઇશ્વરના સ્વરૂપમાં જે આભાસ અંશ છે તે પૂન્ય પાપરૂપ કર્મનું ફળ આપે છે, અને જીવ

ઇશ્વરના સ્વરૂપમાં જે ચૈતન્ય છે એટલે જીવના સ્વરૂપમાં અધિષ્ઠાન ચૈતન્ય કુટસ્થ અને ઈશ્વરના સ્વરૂપમાં અધિષ્ઠાન ચૈતન્ય જે શુદ્ધ બ્રહ્મ તેમાં કશો વ્યવહાર નથી તે બંને અસંગ છે. હે શિષ્ય! પૂર્વના પ્રસંગમાં તેં જે પ્રશ્ન કર્યો હતો તેનો ઉત્તર આપ્યો તેં કહ્યું હતું કે એક વૃક્ષમાં બે પક્ષી છે એક ભોકતા અને બીજો ભોકતા નથી અર્થાત અસંગ છે માટે જીવ બ્રહ્મની એકતા બને નહિ તેનો ઉત્તર આપ્યો. આ ઠેકાણે જીવ બ્રહ્મનું ગૃહણ નથી પણ કુટસ્થ અને બુદ્ધિમાં જે આભાસ તેનું ગૃહણ છે માટે બુદ્ધિ જે આભાસ તે ભોકતા છે અને કુટસ્થ અસંગ છે. વળી તેં કહ્યું હતું કે જીવ તો કર્મ ઉપાસના કરે છે તે ઇશ્વર તેનું ફળ આપે છે તેનો પણ ઉત્તર આપ્યો, કેમકે કર્મ કરનાર જીવ નથી અને ફળ આપનાર ઇશ્વર નથી પણ જીવના સ્વરૂપમાં જે આભાસ અંશ તે કર્મ કરે છે ઇશ્વર સ્વરૂપમાં જે આભાસ અંશ છે તે ફળ આપે છે. અને જીવ ઇશ્વરના સ્વરૂપમાં ચૈતન્યરૂપ અધિષ્ઠાન છે તે ઘટાકાશ મહાકાશની પેઠે ભેદ રહિત છે માટે જીવ ઇશ્વરની એકતા બને છે, એટલા માટે હું બ્રહ્મ છું એમ નિશ્ચય કર અર્થાત અહં શબ્દાર્થમાં જે લક્ષ્યાર્થ રૂપ કુટસ્થ અસંગ ચૈતન્ય તેજ ઇશ્વર શબ્દાર્થમાં લક્ષ્યાર્થરૂપ અસંગ શુદ્ધ બ્રહ્મ ચૈતન્ય છે.

શીષ્ય—તત્વમસી એ ત્રણ પદ યુક્ત જે વાક્ય છે તેનો અર્થ સમજાવો.

ગુરૂ—શ્યામવેદની છાંન્દોગ્ય ઉપનીશદમાં ઉદ્દાલક મુનીએ પોતાના પુત્રને આ જગતની ઉત્પતી સ્થીતી અને લયનું કારણ જે ઇશ્વર તે સમજાવી પછી કહ્યું કે તત્વમસી એટલે જગતની ઉત્પતી કરવાવાળો જે સર્વ શકતીમાન અને સર્વજ્ઞતાદી ધર્મવાળા જે ઇશ્વર તે ત્વં એટલે તું. અલ્પ શકિત અને અલ્પજ્ઞાતાદી ધર્મવાળો જે જીવ તે અસી એટલે છે અર્થાત તે તું છે. એમ કહેવાથી ઇશ્વર જીવની એકતા વાચ્યાર્થથી કહી હોય એમ પ્રતીતિ થઇ તો તે બને નહીં કેમકે સર્વ શકિત અને અલ્પ શકિત, સર્વજ્ઞ અને અલ્પજ્ઞ વીભુ, અને પરી છીન્ન સ્વતંત્ર અને પરતંત્ર પરોક્ષ, અને પ્રત્યક્ષ માયા જેને આધીન અને અવિદ્યા મોહીત એવા વીરોધી ધર્મવાળા બંને એકજ છે એ કહેવું તો અગ્નિ શીતળ છે એમ કહેવા સરખુજ છે. માટે આ સ્થળે વાચ્યાર્થથી એકતા કહેવામાં તાત્પર્ય નથી પણ લક્ષણાથી લક્ષ્યાર્થમાં એકતા કહેવાનો અભીપ્રાય છે એમ વીચારી લક્ષણાવૃતિથી લક્ષ્યાર્થમાં એકતાનો નિશ્ચય કરી લીધો.

શીષ્ય—લક્ષણા કેટલા પ્રકારની છે તે કૃપા કરીને કહો.

ગુરૂ—૧ જહદ, ૨ અજહદ અને ૩ ભાગત્યાગ એમ ત્રણ પ્રકારની લક્ષણા છે અને ભાગત્યાગ લક્ષણાને જહદા અજહદ લક્ષણા પણ કહે છે.

શીષ્ય—કૃપા કરીને જહદ લક્ષણા સમજાવો.

ગુરૂ—જેમ કોઈએ કહયું કે गंगायां गोशः અર્થ:—ગંગામાં ગાયનો વાડો છે એવું સાંભળનાર નિશ્ચય કરે છે કે ગંગામાં ગાયનો વાડો હોય નહીં માટે કીનારાપર લક્ષણાથી ગાયનો વાડો છે એમ નિશ્ચય કરે છે સારાંશ એટલો છે કે વાકયથી જણાતો જે અર્થ તેનો ત્યાગ કરી વાકયાર્થની સાથે સંબંધ રાખનારનું જ્યાં ગ્રહણ થાય તે જહદ લક્ષણા કહેવાય.

શીષ્ય—અજહદ લક્ષણાનો અર્થ સમજાવો.

ગુરૂ—જેમ કોઈએ કહયું કે. श्वेतोधावती અર્થ—શ્વેત દોડે છે એ વાકયમાં સ્વેત ગુણને દોડવું એ પ્રત્યક્ષ પ્રમાણથી વીરૂધ્ધ છે. માટે શ્વેત શબ્દની શ્વેત ગુણયુકત ઘોડાને વીશે જે પ્રવૃતી એટલે શ્વેત ઘોડો દોડે છે તે અજહદ લક્ષણા કહેવાય. સારાંશ એ છે કે વાકયથી જણાતો જે અર્થ તે અર્થને નહી ત્યગતા તે અર્થની સાથે સંબંધ રાખનારનું જયાં ગ્રહણ થાય ત્યાં અજહદ લક્ષણા કહેવાય.

શીષ્ય—ભાગત્યાગ લક્ષણા સમજાવો.

ગુરૂ—જેમ કોઈએ કહયું કે, सोयंदेवदत्तः અર્થ-તે આ દેવદત છે. એ વાકયમાં તત્ (તેતું) પદનો મુખ્ય અર્થ જે તે - દેશકાલ વીશીષ્ટ એટલે તે દેશકાળમાં સ્થીત તથા અયંપદનો મુખ્ય અર્થ જે આ દેશકાળ વીસીષ્ટ એટલે

આ દેશકાળમાં સ્થીત એ બંનેની એકતા સંભવતી નથી, માટે તે દેશકાળ અને આ દેશકાળ વીસીષ્ટપણાને ત્યાગી કેવળ દેવદતના શરીરમાંજ તતપદની તથા ત્વંપદની પ્રવૃતી તે ભાગત્યાગ લક્ષણા કહેવાય. સારાંશ એ છે જે વાકયથી જણાતાં અર્થમાં જે વિરોધ આવે તે વીરોધી ભાગને ત્યાગી કરી અવિરોધી ભાગનું ગ્રહણ જ્યાં થાય તે ભાગત્યાગ લક્ષણા કહેવાય. જેમ કોઈએ કહ્યું કે નારિયેલ ખાવો ત્યાં નારીયેલ શબ્દનો અર્થ એખલું કોપરૂં નથી તેમ એખલી કાચલી પણ નથી પણ કોપરૂં અને કાચલી એ બંને મળીને નારીયેલ કહેવાય ત્યારે ત્યાં ખાનાર માણસ જેમ વીરોધી ભાગ જે કાચલી તેનો ત્યાગ કરી અવિરોધી ભાગ જે કોપરૂં તેનું ગ્રહણ કરે છે. આ સ્થળે પણ ભાગત્યાગ લક્ષણાથી જેમ નારીયેલ ખાવું સીદ્ધ થાય છે તેમજ તત્વમસી એ વાકયમાં પણ ભાગત્યાગ લક્ષણાથી જીવ ઇશ્વર બંને એક છે એમ સીદ્ધ થાય છે કેમકે તતૂપદનો વાચ્યાર્થ જે ઇશ્વર અને ત્વંપદનો વાચ્યાર્થ જે જીવ એની એકતા વાચ્યાર્થથી ઘટી શકે નહીં, કેમકે વીરોધી ધર્મ વાચ્યાર્થમાં રહેલો છે માટે વાચ્યાર્થમાં જે અવીરોધી ભાગ તેનું ગ્રહણ કરવાથી જીવ ઇશ્વર એક છે એમ સીદ્ધ થાય છે માટે તતૂપદમાં વીરોધી ભાગ માયા અને સર્વજ્ઞાતાદી ધર્મો અને ત્વંપદમાં વીરોધી ભાગ અવિદ્યા અને અલ્પજ્ઞતાદિ ધર્મો તે બંનેનો ત્યાગ કરી અવિરોધી ભાગ ચૈતન્ય માત્ર એક છે એમ ભાગત્યાગ લક્ષણાથી ઘટી શકે છે.

શિષ્ય—તત્વમસી વાકયથી થનારૂં જે જીવબ્રહ્મની એકતાનું જ્ઞાન એ જ્ઞાનનું ફળ શું છે તે કૃપા કરીને કહો.

ગુરૂ—વીવેક ચુડામણી નામના ગ્રંથમાં શ્રી શંકરાચાર્ય સ્વામી એ કહયું છે કે,

परावरैकत्वविवेकवह्निर्दहत्यविद्यागहनं ह्यसंषम
किंस्यात्पुनः संसरणस्य बीजमद्वैतभावं समुपेयुशोऽस्य

અર્થ:—જીવ અને બ્રહ્મની એકતા જાણવા રૂપ અગ્નિ સઘળા અવિદ્યા રૂપી વનને બાળી નાંખે છે એટલે પછી અદ્વૈત ભાવને પામેલા પુરૂષને ફરીવાર સંસાર પ્રાપ્ત થવાનું બીજ શું રહયું ? કાંઇપણ ન રહયું. અને કૃષ્ણ પરમાત્માએ ભગવત ગીતાના ૪ થા અધ્યાયમાં સાડત્રીસમાં શ્લોકમાં કહયું છે કે,

यथैधांसी समीध्धोऽग्नीर्भस्मसात्कुरुतेऽर्जुन
ज्ञानाग्नीः सर्व कर्माणी भस्मसात्कुरुते तथा

અર્થ:—હે અર્જુન, જેમ અત્યંત સળગેલો અગ્નિ ઘણા કાષ્ટને પણ બાળીને રાખ કરી નાંખે છે તેમ હું બ્રહ્મ છું એ પ્રકારનો આત્મજ્ઞાન રૂપી અગ્ની સર્વ પુન્ય પાપ રૂપ કર્મોને ભસ્મીભુત કરી નાંખે છે અર્થાત તે જ્ઞાન રૂપ અગ્ની પુન્ય પાપ રૂપ કર્મના કારણ ભુત અજ્ઞાનનો નાશ કરીને તે કર્મનો પણ નાશ કરે છે.

भिध्यते हृदयग्रन्थीस्छिदयन्ते सर्व संशयाः
क्षीयते चास्यकर्माणी तस्मीन द्रष्टे परावरे

અર્થ:—તે પરમાત્માનો શાક્ષાતકાર થાય છે ત્યારે આત્મા અનાત્માના અધ્યાસ રૂપ ગ્રંથીથી ભેદાઇ જાય છે સર્વ સંશય છેદાઈ જાય છે અને પ્રારબ્ધ કર્મને છોડી બીજા સઘળા કર્મ ક્ષય પામી જાય છે.

શીષ્ય—કર્મ કેટલા પ્રકારના છે તે કૃપા કરી સમજાવો.

ગુરૂ—કર્મ ત્રણ પ્રકારના છે. સંચીત, ક્રીયમાન અને પ્રારબ્ધ. સંચીત એટલે અનેક જન્મમાં કરેલા જે પૂન્ય પાપરૂપ કર્મો જે કર્મો ફળ આપવા વગર સંચય રૂપે રહ્યા છે તે સંચીત, અને અનેક જન્મમાં કરેલા જે કર્મો તે કર્મોમાંથી જે કર્મોનું ફળ કે જે આ શરીર તથા સુખ દુઃખાદી ભોગ ભોગવવા માટે નીર્માણ થયું તે પ્રારબ્ધ કર્મ કહેવાય, અને આ વર્તમાન શરીરથી જે પૂન્ય પાપાદિક ક્રીયા થાય છે તે ક્રીયમાન કર્મ કહેવાય.

શીષ્ય—કૃપાળુ આપ કહો છો કે જ્ઞાનથી કર્મોનો નાશ થાય છે તો પછી પ્રારબ્ધ કર્મ કેમ રહ્યું.

ગુરૂ—જ્ઞાન અજ્ઞાનનો વિરોધી છે માટે જ્ઞાનથી અજ્ઞાનની નીવૃતિ થાય છે અને તે અજ્ઞાન નીવૃત થયા પછી પ્રારબ્ધ તો ભોગવેથીજ નીવૃત થાય છે. જ્ઞાન પ્રારબ્ધનો વીરોધી નથી કેમકે જો જ્ઞાન થવાથી અજ્ઞાનની નીવૃતિની સાથેજ જો પ્રારબ્ધ નીવૃત થઇ જાય તો આ શરીરાદિકની સ્થિતિ બને નહીં માટે જ્ઞાનના સંપ્રદાયનો ઉચ્છેદ થઇ જાય, કેમકે જેને જ્ઞાન થયું તેનું તો પ્રારબ્ધ નીવૃત થયું

એટલે શરીરાદિકનો અભાવ થયો અને શરીરાદિકના અભાવથી જ્ઞાનના ઉપદેશકર્તા આચાર્યોનો પણ અભાવ થયો માટે પ્રથમજ જ્ઞાનનો ઉપદેશ કરતાં આચાર્યજ નથી એવો પ્રસંગ પ્રાપ્ત થયો. માટે પ્રારબ્ધ કર્મ ભોગવેથી નીવૃત થાય છે એમ માનવાથી જ્ઞાનના ઉદ્દેશ કરતાં આચાર્યો તથા જ્ઞાનની સંપ્રદાયનો પણ ઉચ્છેદ થાય નહીં. હે શિષ્ય, આ સમાધાન સ્થુળ બુધ્ધિવાળા પુરૂષોને માટે કહ્યું અને સૂક્ષ્મ દૃષ્ટિવાળા પુરૂષોને માટે બીજું સમાધાન કહુ છું તે સાંભળ. હે શિષ્ય, જ્ઞાનથી જે અજ્ઞાન અને અજ્ઞાનના કાર્યોની નીવૃતી કહી તે નીવૃતી, એટલે જ્ઞાન થવાથી આ શરીરાદિક તથા પ્રતીત થતું વિશ્વ એની અત્યંતજ અપ્રતીતિ થવી એમ નથી. પંચદશીનાં ચિત્રદીપમાં ૧૩ મા શ્લોકમાં કહ્યું છે કે:—

नाऽप्रतीतिस्तयोर्बाधः किन्तु मीथ्यात्व नीश्चय
नोचेत्सुषुप्ति मूर्छादौ मुच्येताऽयत्नतो जनः

અર્થ:—તે જીવ અને જગતનો બાધ એટલે તે બંનેની અપ્રતીતિ ન સમજવી. કિન્તુ તે જીવ તથા જગતનો બાધ એટલે મીથ્યાત્વ નીશ્ચય એજ તેનો બાધ સમજવાનો છે. જો આમ ન માને તો સુષુપ્તિમાં તથા મૂર્છાદિક દશાઓમાં સર્વજનો અયત્નથીજ વગર પરિશ્રમેજ મુક્ત થઇ જાય. અભિપ્રાય એવો છે કે સુષુપ્તિ, મૂર્છા, મરણ, પ્રલય ઇત્યાદિક સ્થિતિને વીષે વગર પ્રયત્ને પોતાની મેળેજ દ્વૈત પ્રતીતિનો અભાવ છે તો તેટલા માત્રથીજ તત્વજ્ઞાન વિના મૂક્તિ થવાનો પ્રસંગ આવી

પડશે. માટે હે શીષ્ય આ સ્થળે નિવૃતિ એટલે મીથ્યાત્વ નીશ્ચય છે માટે જેને જ્ઞાન થયું તેને અજ્ઞાનની વિવૃતિ થવાથી અજ્ઞાનના કાર્યોમાં મીથ્યાત્વ નિશ્ચય થયો, માટે સર્વ કર્મો સંચીત, ક્રીયમાન અને પ્રારબ્ધ એ ત્રણે કર્મોની નિવૃતિ થઇ. સારાંશ એ છે જે જેમ આ શરીરાદિકમાં તથા પ્રપંચમાં મીથ્યાત્વ નીશ્ચય છે તેમજ પ્રારબ્ધાદિકમાં પણ મીથ્યાત્વ નીશ્ચય છે. માટે મીથ્યાત્વ નિશ્ચય રૂપ નિવૃતિ ત્રણે કર્મોની સમજવી.

શીષ્ય—મહારાજ આ પ્રત્યક્ષ દેખાતા સંસારને તમે અસત્ય કહો છો તે પ્રત્યક્ષ પ્રમાણથી વીરૂધ્ધ છે.

ગુરૂ—

संसार स्वप्न तुल्योही रागद्वेषादी शंकुलः
स्वकाले सत्यवत्भाती प्रबोधेऽसत्यवत्भवेत्.

અર્થ—જેમ સ્વપ્ન મીથ્યા છતાં પણ નીંદ્રાના સમયમાં સત્ય જેવું ભાસે છે પરંતુ જાગૃત અવસ્થામાં એમની મેળેજ ખોટું થઇ જાય છે, તેમ રાગ દ્વેષાદિ દોષ વડે ભરપુર સંસાર મીથ્યા છે તથાપિ અજ્ઞાન અવસ્થામાં સત્ય સરખો ભાસે છે. માટે હે શીષ્ય જેને જ્ઞાન વડે અજ્ઞાનની નીવૃતિ થઇ તેને આ પ્રતિત થતો સંસાર સત્ય ભાસતો નથી પણ મીથ્યા છે એમજ સમજે છે.

શીષ્ય—અજ્ઞાનને નાશ કરનારી વૃત્તિ જ્ઞાન અને વૃત્તિ જ્ઞાનનો વિષય બ્રહ્મથી અભિન્ન આત્મા એમ બે વસ્તુ હોવાથી દ્વૈતની પ્રાપ્તિ થાય છે.

ગુરૂ—

अज्ञान कलुषंजीवं ज्ञानाभ्यासाद्वि नीर्मलम्
कृत्वाज्ञानं स्वयंनस्येज्जलंकतक रेणुवत्.

અર્થ:—જેમ ડહોળા પાણીમાં નાખેલું નીર્મળ ફળનું ચૂર્ણ (કતકરેણું) પાણીનો મેલ કાપી પોતે પણ નીચે બેસી જાય છે તેમ મહા વાકય જન્ય બ્રહ્મથી અભીન્ન આત્માને વિષય કરનાર વૃત્તિજ્ઞાન પણ તેના અભ્યાસની પરિપાક અવસ્થાએ હું કરતા છું ભોકતા છું એ પ્રકારના જીવના અજ્ઞાનરૂપ મેલનો નાશ કરી પોતે વૃત્તિજ્ઞાન પણ નાશ પામે છે. માટે વૃત્તિજ્ઞાન વડે દ્વૈતની પ્રાપ્તિ થતી નથી. માટે હે શીષ્ય! જ્ઞાનને પરિપકવ કરવા માટે નીરંતર શ્રવણ, મનન અને નિદીધ્યાસન કરવું એ જીજ્ઞાસુને ઘણુંજ ઉપયોગી છે.

શીષ્ય—શ્રવણ, મનન અને નિદીધ્યાસનનો અર્થ સમજાવો.

ગુરૂ—શ્રવણ એટલે વેદાંત વાકયોના તાત્પર્યનો નિશ્ચય તે શ્રવણ કહેવાય અને નીશ્ચય કરેલો જે જીવ બ્રહ્મનો અભેદરૂપ તાત્પર્ય તેનું યુક્તિપૂર્વક ચિંતન કરવું તે મનન કહેવાય, તે યુક્તિ એ છે કે જો મારા આત્માથી બ્રહ્મ ભિન્ન હોય તો જેમ ઘટ મારા આત્માથી ભિન્ન છે માટે તે જડ છે તેમ જો બ્રહ્મ મારા આત્માથી ભિન્ન હોય તો ઘટની પેઠે જડ હોવો

જોઇએ, અને બ્રહ્મથી આત્મા ભિન્ન હોય તો બ્રહ્મથી ભિન્ન સંપૂર્ણ પ્રપંચ અસત જડ દુઃખરૂપ છે તેમ મારો આત્મા પણ અસત જડ દુઃખરૂપ હોવો જોઇએ પણ તેમ નથી. આત્મા સદરૂપ, ચીદરૂપ અને આનંદરૂપ છે. માટે આત્મા અને બ્રહ્મનો અભેદજ છે એમ યુક્તિપૂર્વક અભેદ ચિંતન કરવું તે મનન કહેવાય. અને નિદીધ્યાસન એટલે અનાત્માકાર વૃત્તિને ત્યાગ કરી બ્રહ્માકાર વૃત્તિનો નિરંતર પ્રવાહ તે નિદીધ્યાસન કહેવાય છે, અને નિદીધ્યાસનની પરીપાક અવસ્થા તેનેજ સમાધી કહે છે. અર્થાત નિદીધ્યાસનમાં ત્રીપુટીનું ભાન રહે છે. ધ્યાતા ધ્યાન અને ધ્યેયરૂપ ત્રીપુટીના ભાનયુક્ત જે વૃત્તિ તે નિદીધ્યાસન અથવા સવિકલ્પ સમાધી અથવા નિર્ગુણ ધ્યાન પણ કહેવાય છે, અને ધ્યાતા ધ્યાન અને ધ્યેયરૂપ ત્રીપુટીના ભાન રહિત વૃત્તિની સ્થિતિ તે નિર્વીકલ્પ સમાધી કહેવાય છે.

શીષ્ય—પ્રભુ! તત્વના સાક્ષાતકારવાળા જ્ઞાની પુરૂષોના લક્ષણ કૃપા કરીને સમજાવો.

ગુરૂ—શ્રીમદ્ ભગવતગીતાના બીજા અધ્યાયમાં જે સ્થિત પ્રજ્ઞના લક્ષણો શ્રીકૃષ્ણ પરમાત્માએ કહ્યા છે તે લક્ષણ યુક્ત તત્વસાક્ષાતકારવાળા જ્ઞાની પુરૂષો હોય છે. શ્રીમદ્ ભગવતગીતાના બીજા અધ્યાગના ૫૫ માં શ્લોકમાં પ્રથમ સ્થિતપ્રજ્ઞની જે સમાધી સ્થિતિ કહી છે તે સાંભળ.

प्रजहाति यदा कामान् सर्वान् पार्थ मनोगतान्
आत्मन्येवात्मना तुष्ट स्थितप्रज्ञस्तदोच्यते.

અર્થ:—હે પાર્થ, જ્યારે પોતાના મનમાં રહેલાં સર્વ કામોને ત્યાગ કરે છે તથા આત્માને વિષે આત્માવડેજ તુષ્ટ થાય છે ત્યારે તે સમાધીસ્થ પુરૂષ સ્થિતપ્રજ્ઞ કહેવાય છે. આ પ્રમાણે તત્વજ્ઞાની સ્થિતિવાળો હોય છે. અને સમાધી સ્થિતિના ઉત્થાનકાળમાં જે લક્ષણયુક્ત જ્ઞાનવાન પુરૂષો રહે છે તે સાંભળ.

दुःखेष्वनुद्विग्नमनाः सुखेषु विगतस्पृहः
वीतराग भयक्रोधः स्थितधीर्मुनिरुच्यते.

અર્થ:—દુઃખોમાં ઉદ્વેગ રહીત મનવાળો અને વિષય સુખોમાં સ્પૃહા વિનાનો રાગ ભય અને ક્રોધ જેના નિવૃત થયેલાં છે એવા મનનશીલ પુરૂષ સ્થિતપ્રજ્ઞ કહેવાય છે, આ પ્રમાણે તત્વજ્ઞાની ઉત્થાનકાળ એટલે વહેવારકાળમાં ઉક્ત લક્ષણયુક્ત હોય છે. હે શીષ્ય! બે શ્લોકવડે જે સ્થિતિ જ્ઞાનવાનની કહી તે સ્થિતિવાળાને જીવનમૂક્ત પુરૂષ કહે છે. માટે તારે હવે જ્ઞાન પ્રાપ્ત કર્યાં પછી જીવનમૂક્ત સ્થિતિ પ્રાપ્ત કરવી એજ તારા જ્ઞાનનું દૃષ્ટ ફળ છે કેમકે વિવેક ચૂડામણીમાં શ્રી શંકરાચાર્ય સ્વામીજીએ કહ્યું છે કે,

वीज्ञात ब्रह्म तत्वस्य यथा पुर्वं न संसृति
अस्ति चेत्र [illegible]त ब्रह्म भावो बहीर्मुख

અર્થઃ—જેણે બ્રહ્મનું તત્વ જાણેલું હોય તેને સંસાર આગળના જેવો રહેજ નહિ. અને જો આગળના જેવો રહે તો તેને બ્રહ્મ તત્વથી અજાણ અને બહિર્મુખ સમજવો, એટલા માટે તારે જીવનમૂક્ત સ્થિતિ પ્રાપ્ત કરવી જેથી પૂર્વની પેઠે તારામાં સંસારીત્વપણું ઘટે નહિ પણ કૃષ્ણ પરમાત્માએ ૫૫–૫૬ એ બે શ્લોકવડે જે સ્થિતિ કહી તે સ્થિતિ પ્રાપ્ત કરી જીવનમૂક્ત થા. મહાપુરૂષોએ કહ્યું છે કે,

જીવન તનમે પ્રાણ હૈ, મૂક્ત ભયો અહંકાર,
જીવનમૂક્ત સો જાણીએ, વેદ વચન અનુસાર.

અર્થઃ—પ્રાણવડે કરીને આ શરીર જીવે છે અને જેનો અહંકાર મૂકત થયો છે તે પુરૂષ જીવનમૂકત છે એમ વેદ પોકારીને કહે છે, માટે નીહઃશેષ અહંકારની નિવૃત્તિરૂપ જીવનમૂકિત પ્રાપ્ત કર. જેણે જીવનમૂકિત પ્રાપ્ત કરી તેણે વિદેહમૂકિત પણ પ્રાપ્ત કરી.

દોહરો.

યહી સનાતન નેમ હૈ, મૃતક તરે જળમાંહી;
જીવન મૃત ભવ જળ તરે, યામે સંદેહ નાહી.

અર્થઃ—આ સનાતન નેમ છે કે મુડદું જળમાં તરે છે ડુબતું નથી, તેમજ જીવનમૂકત એટલે પ્રાણવડે જીવે છે અને બ્રહ્મ અભ્યાસવડે સુક્ષ્મવાસના અને સુક્ષ્મ અહંકાર જેનો મૂકત થયો છે તે જીવનમૂકત પુરૂષ આ સંસારરૂપ

સમુદ્રને તરે છે, એમાં જરા પણ સંદેહ નથી. કૃષ્ણ પરમાત્માએ બીજા અધ્યાયના ૭૨ માં શ્લોકમાં કહ્યું છે કે,

एषा ब्राह्मीस्थितिः पार्थ नैनां प्राप्य विमुह्यति
स्थित्वाऽस्यामन्तकालेऽपी ब्रह्म नीर्वाणमृच्छती

અર્થ:—હે પ્રાર્થ, આ બ્રહ્મ વિષય સ્થિતિ છે એને પામીને મોહ પામતો નથી. આ સ્થિતિમાં અંત્ય અવસ્થા વિષે રહીને પણ બ્રહ્મ નિર્વાણને પામે છે. સારાંશ એ છે જે બ્રહ્મ નિષ્ઠારૂપ સ્થિતિને જે પુરૂષ પામે છે તે પુરૂષ કોઇ વખતે પણ મોહને પામે નહિ અને બ્રહ્મનિષ્ઠારૂપ સ્થિતિમાં જે કોઇ પુરૂષ અંત્ય અવસ્થાને વિષે પણ સ્થિત રહે તો તે પુરૂષ પણ બ્રહ્મ નિર્વાણને અર્થાત બ્રહ્મને વિશેજ આનંદ પામે છે. તો પછી જ્ઞાન પ્રાપ્ત કરી મરણ પર્યંત બ્રહ્મનિષ્ઠા રૂપ સ્થિતિમાં રહે તો તે પુરૂષ વિદેહમૂકિત પ્રાપ્ત કરે એમાં જરા પણ સંદેહ નથી.

ભાગ પાંચમો.

કુંડળીઆ.

ધારૂં ચરણ રજ શ્યામકી, ગુરૂ ગોવિંદ એક સ્વરૂપ,
અભય દાન દિય દીનકુ, ઉપમા અહો અનુપ;
ઉપમા અહો અનુપ, પૂરણ ચીદ્ઘન એક સત્તા,
મન વાણી અધ્યસ્ત, આપ અધ્યસ્ત કો અત્તા;
ડાહ્યો કહે દીલ માંય, વિગત ભ્રમ મોહ અંધારૂં,
અહં સચ્ચીદાનંદ, આત્મા ઉરમે ધારૂં—૧

અમર પદકા પાવના, મત સમજો મુશ્કેલ,
ચીત્ત શુદ્ધિ વૈરાગ દ્રઢ, સાધન સાધે સહેલ;
સાધન સાધે સહેલ, કરે સદગુરૂકી સેવા,
પાવે પૂરણ જ્ઞાન, અવિચળ આતમ દેવા;
ડાહ્યો કહે દીલ માંય, તજે જગમે મેરા યહ વમર,
સ્વયં ચીદાનંદ, નિત્ય પ્રાપ્તપદ અમર—૨

અંતર બાહેર ઉર્ધ્વ અધ, પૂરણ ચીદ્ઘન એક,
કલ્પિત નામાકાર, ભાસે ભાવ અનેક;

ભાસે ભાવ અનેક, મીશ્રીમે જેસે લશ્કર,
તરંગ ફેન બુદ બુદા, જલમે જયોં ભાસે ચક્કર;
ડાહ્યો કહે દીલ માય, અનુગત વસ્તુ સ્વતંતર,
સોહી સત ચીદાનંદ, આત્મા બાહેર અંતર—૩

જીવ હુવા પૂછત ફીરે, ઉપજે કયોં આનંદ,
ઉપજે સો આનંદ વિનાશી, મર્મ સમજ મતિમંદ;
મર્મ સમજ મતિમંદ, આત્મસુખ સદા અવિનાશી,
ચીનો પૂરણ બ્રહ્મ, તજી તન તીન વિનાશી;
ડાહ્યો કહે દીલ માય, આપકો લખલે શીવ,
કરી અવિદ્યા નાશ, કીયા હે જીસને જીવ—૪

ચહો ચેન જો ચિત વિશે, કરો અંતર આરામ,
તજો વિષયકી કામના, ભાસે સુખમય ધામ;
ભાસે સુખમય ધામ, અસત જડ દુખ તે ન્યારા,
વીત્ત પુત્ર તનુ અક્ષતે, સદા પ્રાણને તે પ્યારા;
ડાહ્યો કહે દીલ માય, ફેર કયોં સુદ્ધાનંદમે વહો,
કરો અંતર આરામ, ચૈન જો ચિતમે ચહો—૫

રંગ ચઢયા છૂપે નહિ, બેન નેન પેછાન,
બાહીર મન ડાલે નહિ, અંતર સુખ અવસાન;
અંતર સુખ અવસાન, પાન બ્રહ્માનંદ રસકો,
તુટી વાસના તીન, મિટયો પૂની ચિંતા ચસ્કો;
ડાહ્યો કહે દીલ માય, પૂરૂષ જો હુવા નિસંગ,
બેન નેન પેછાન, ચઢયા સો છૂપે ન રંગ—૬

અહો લિઝત નર જન્મકી, મીલે ન વારંવાર,
તીન ઉષ્ણા ત્યાગ કર, પૂરણુ બ્રહ્મ વિચાર;
પૂરણુ બ્રહ્મ વિચાર, મીટે ભવ ચક્કર વ્યાધિ,
પાવે જીવન મુક્તિ, સદા સુખ સહજ સમાધિ;
ડાહ્યો કહે દીલ માય, નિરંતર નિજાનંદમે રહો,
મીલે ન વારંવાર, નર જન્મકી લિઝત અહો—૭

બહોત ગઈ થોડી રહી, થોડી બી અબ જાગ,
પૂરણમે પ્રીતિ કરો, દ્રષ્ટ દુઃખ મીટ જાય;
દ્રષ્ટ દુઃખ મીટ જાય, પાય બ્રહ્માનંદ પદકા,
કરીલેં કાલ વ્યતીત, ચિતમેં રહે ન ખટકો;
ડાહ્યા કહે દીલ માય, પ્રગટે જબ અંતર જયોત,
કયા રહી કયા ગઇ, કયા થોડી કયા બહોત—૮

મન મૂષા મુષ્કાત હે, અહો ભઇ અબ રેન,
દીપક દ્રષ્ટિ નષ્ટ ભઈ, ધૂમ મચાવો એન;
ધૂમ મચાવો એન, ફીરો અબ હોય સ્વતંતર,
સોએ સબી સરદાર, કાટકે ખાવો અંબર;
ડહ્યો કહે દીલ માય, વિવેકી જાગે જન,
જલે જયોત વિજ્ઞાન, લૂકા રહેશો મૂષા મન—૯

મન કૌવા બદમાસ તું, ઉચીષ્ટ જહાં તહાં ખાય,
નિજ ઘર અમૃત પાનકો, ત્યાગી ચર્મકો ચહાવ;
ત્યાગી ચર્મકો ચહાય, ફીરે નિશદીન હોકે કંગલા,
તેરા ઘર તું દેખ, અહો આનંદ બંગલા;

ડાહ્યા કહે દીલ માય, પડયા જો કીચમે કંચન,
ત્યાગ કીચકો સંગ, ઐઠ હંસહી હોકે મન—૧૦

નારાયણ નિજ રૂપકો, સુમર લે વારંવાર,
બીના પરિશ્રમ પાર હોય, યહી સાર સંસાર;
યહી સાર સંસાર, અહનિંશ સંત પુકારે,
ગુરૂ જ્ઞાન ધર ધ્યાન, ઉતરજા પાર કીનારે;
ડાહ્યો કહે દીલ માય, કરલે બ્રહ્મ પારાયણ,
સુમરલે વારંવાર, નિર્મળ નિજરૂપ નારાયણ—૧૧

સુ સેવન કર સર્વદા, નાશ કર્મ કલેશ,
કુ કુમજાકો નાશ કર, પાવે પદ અમરેશ;
પાવે પદ અમરેશ, સદા મન શાન્તિ પાવે,
કામ ક્રોધ મદ લોભ, વેરી દીલકે ઉઠ જાવે;
ડાહ્યો કહે મન માય, લક્ષકી લિઝત લે ીન,
મીટે કર્મ કલેશ, સર્વદા કર સુ સેવન—૧૨

કરના થા સો ના કીયા, રહ્યા બાય પી સોય,
મરતે બખત હે નરો, નેંન પડેંગે રોય;
નેંન પડેંગે રોય, પડેંગા જમકા સોટા,
પૂછેગા વો હીસાબ, જહાં નહિ બડા ઓર છોટા;
ડાહ્યો કહે દીલ માય, બીચારબીનજીસકા મરના,
સદા રહે અફ્સોસ, કીયા નહિ જો કરના—૧૩

કર મત બાત ભવિષ્યકી, કરલે અબહી સોય,
ચુથે અનાતમ ચીથડા, ચેન ન ચીત્તમે હોય.

ચેંન ન ચીતમે હોય, રહેગી આશ અધુરી,
અબહી ધરલે ધ્યાન, પાય લે લિઝત પૂરી.
ડાહ્યો કહે દીલ માય, તજે કયું તેરા વક્કર,
કરલે તેરે હાથ, બાત પીછીકી મતક્કર—૧૪

પાવે નર વૈરાગ્યકો, લહે બોધ તતકાળ,
બીનુ વૈરાગ્ય ન બોધ હોય, વિષય ભોગ વિકરાળ.
વિષય ભોગ વિકરાળ કાળ યહુ કરત ખુવારી,
બહુ રોવે હુશીયાર, છુટે નહિ મનકી યારી.
ડાહ્યો કહે મન માય, ઊપરતી સંગમે આવે.
લહે બોધ તતકાળ, દ્રષ્ટ સુખ પલમે પાવે—૧૫

તજો મનોરથ માનવી, અવસર મીલ્યા અમોલ,
સૂત વિત દારા દેહજ, ચઢયા ચિત ચકડોળ.
ચઢયા ચિત ચકડોળ, સ્થિરતા કેસે પાવે,
મે મેરા અભિમાન, ચાકપે ખુબ ચઢાવે.
ડાહ્યા કહે દીલ માય, સદા શિવોહં ભજો,
મિથ્યા માયા જાળ, મનોરથ મનકા તજો—૧૬

આપ આપમે દેખ તું, જીનકા અદભુત ખ્યાલ,
અદ્વિત્ય ચેતન આપમે, વિશ્વ વિવર્ત જંજાળ;
વિશ્વ વિવર્ત જંજાળ, આપમે અપના દર્શન,
ચિદ વિલાસ ચિદરૂપ, દેખકે હોના પરસન;
ડાહ્યા કહે દીલમાય, ભાસે જયાં મિથ્યા સ્વપ્ના,
તુજમે તેરા ખ્યાલ, દેખ અપનેમે અપના—૧૭

દેવ નિરંજન આપ તું, અપને હીરદે માંય,
બાહિર ઢુંઢે ભૂલતે, ગુરૂ બીન ઘર નહિ પાય;
ગુરૂ બીન ઘર નહિ પાય, જાય નહિ અંતર કસ્મલ,
પ્રગટ ભાનુ છૂપ રહે, સામને આયા બદ્દલ;
ડાહ્યો કહે દીલમાય, ચરણ સદ્‌ગુરૂકે સેવ,
ત્યાગી અનાદિ ભૂલ, આપકો લખલે દેવ—૧૮

દેવ દેવ પોકારતે, કોઉન સમજે ભેવ,
ભૂલ્યો અપને રૂપકુ, બન્યો જીવ સ્વયમેવ;
બન્યો જીવ સ્વયમેવ, આપકું આપ ન દેખે,
ધરી દેહ અભિમાન, પૂરણકુ પરિછીન પેખે;
ડાહ્યો કહે દીલ માય, યથારથ સમજે ભેવ,
ધરી રહે મુખ મૌન, કહે ફીર કીસકો દેવ—૧૯

જાણ ભઇ નિજ રૂપકી, દેખે સબમે દેવ,
જીવ જગત જગદીશ હે, કરે કીસીકી સેવ;
કરે કીસીકી સેવ, રહી નહિ દ્વૈતકી દ્રષ્ટી,
આદી મધ્ય અવસાન, દેવમય દેખે સૃષ્ટિ;
ડાહ્યો કહે દીલમાય, અહો બ્રહ્મ નિષ્ઠાવાન,
કૃત કૃત્ય નિષ્કામ, ભઇ નિજ રૂપકી જાન—૨૦

એક એવ અદ્વૈતમે, અદ્‌ભૂત માયા ખ્યાલ,
સત્તા ભાન આનંદમે, નામ રૂપ જંજાળ;
નામ રૂપ જંજાળ, સ્થાવર જંગમ સૃષ્ટિ,
કર્તા ક્રિયા કર્મ, અન્યથા તેરી દ્રષ્ટિ;

ડાહ્યો કહે દીલ માય, પ્રગટે પૂરણ વિવેક
રહે ન દ્વૈત, અદ્વૈત, વિલોકે વસ્તુ એક—૨૧

રહો નિજાનંદમે સદા, અદ્ભૂત પાકે જ્ઞાન,
પરમ રસાયન પાનતે, હોવે મન મસ્તાન;
હોવે મન મસ્તાન, કહો કયા હે દીલગીરી.
પાકે પરમ આનંદ, રહી કયા આશ અધુરી;
ડાહ્યો કહે દીલ માય, અબ કયુ ક્ષુદાનંદમે વહો.
પાકે અદ્ભૂત જ્ઞાન, સદા નિજાનંદમે રહો—૨૨

અમૂલ્ય લાલકી ગાઠડી, જહાં તહાં મત ખોલ,
ગ્રાહક બીના બીકે નહિ, મૂરખ કહે કયા મોલ;
મૂરખ કહે કયા મોલ, લાલ લજ્જાકુ પાવે,
ગ્રાહક વિરલા કોઇ, ખજાના ખોલ દીખાવે;
ડાહ્યો કહે દીલમાય, હોય નહિ પથ્થર પારસ તુલ્ય,
અસલ સો તો અસલ, નકલ નહિ હોય અમુલ્ય—૨૩

આરતી.

જય જય જય દેવા, શ્રી સદ્‌ગુરૂ જય દેવા,
બાહ્યાભ્યંતર પૂરણ (૨) કરૂણાનિધી દેવા.- ટેક.

ગુરૂ બ્રહ્મા ગુરૂ વિષ્ણુ ગુરૂ મહાદેવા-પ્રભુ ગુરૂ મહાદેવા,
સાક્ષાત પૂરણ બ્રહ્મ (૨) વન્દુ તમ દેવા—જય જય.

બ્રહ્મા ધ્યાવે વિષ્ણુ ધ્યાવે, ધ્યાવે મહાદેવા-પ્રભુ ધ્યાવે મહાદેવા,
ધ્યાન ધરે નારદ સનકાદીક (૨) ઇંદ્રવરૂણ દેવા—જય જય.

શ્રી સગુણ નિરગુણ સ્વામિ, બહુનામી દેવા-પ્રભુ બહુનામી દેવા
જગત ઉત્પાત લય કારણ (૨) તારણ તમ દેવા—જય જય.

સદ્‌ઘન ચીદ્‌ઘન, આનંદઘન દેવા-પ્રભુ આનંદઘન દેવા,
ત્રિગુણાતીત સ્વરૂપ (૨) ધારૂ અંતરમાં દેવા—જય જય.

આતમબ્રહ્મ અભેદ, ભેદછેદ કહો દેવા-પ્રભુ ભેદછેદ કહો દેવા,
નિગમાગમનો સાર (૨) કહેવા પ્રગટ્યા તમ દેવા—જય જય.

શરણાગત ઉદ્ધાર, આપી અનુભવને દેવા-પ્રભુ આપી અનુભવને દેવા
વારંવાર પ્રણામ (૨) તનમનથી દેવા—જય જય.

આરતી અંતરમાય, ધારે નરનારી દેવા-પ્રભુ ધારે નરનારી દેવા,
ડાહ્યા-વન્દે શ્યામ (૨) પામે અવિચળ પદ દેવા—જય જય.

ભાગ છઠ્ઠો.

ॐ श्रीगुरुपरमात्मने नमः ॥

अथात्मविशेषणाख्यमालिकाप्रारंभः ॥

श्रीरामंपरमानंदंसर्ववेदांतविग्रहम् ॥
बुद्धियोगप्रदंपुंसांभजतांतंभजाम्यहम् ॥ १ ॥
अहंब्रह्मेतिविज्ञानंजातंयस्यप्रसादतः ॥
दत्तंयेनाभयंदानंतस्मैश्रीगुरवेनमः ॥ २ ॥
शरीरतृतयादन्यः पंचकोशविलक्षणः ॥
अवस्थात्रितयातीतः प्रत्यगात्माऽहमव्ययः ३
द्रष्टाहं दृश्यवर्गस्य सर्वसाक्षिस्वरूपकः ॥
सद्रूपोहं चिदात्माऽहं परमानंद अद्वयः ॥४॥

सर्वाधारो निराधारो निर्विकार परावरः ॥
सर्वाधिष्ठानरूपोऽहं सर्वभूतावभासकः ॥ ५ ॥

निगूढः सर्वभूतेषु देवदेवोऽहमेकलः ॥
अविभक्तस्वरूपोऽहं सर्वसंग विवर्जितः ॥६॥

सर्वात्मा परमात्माऽहं कूटस्थोऽहं स्वयंप्रभः ॥
ज्ञातृज्ञानविहीनोहं नित्यज्ञाप्तिस्वभाववान् ७

ध्यातृध्यानविहीनोऽहं ध्येयहीनः स्वयंसदा ॥
सूक्ष्मात्सूक्ष्मतरो नित्यो दृश्यते सूक्ष्ममधया ८

दूराद्दूरतरो वापि ह्यंतिकादंतिकोऽप्यहम् ॥
तुर्यातीतस्वरूपोहं केवलोऽहं सनातनः ॥ ९ ॥

सवत्र समरूपोहं पूर्णोऽहं पुरुषोत्तमः ॥
अंतर्यामिस्वरूपोहं जगद्योनिर लेपकः ॥ १० ॥

चिदाकाशस्वरूपोहं नित्यमुक्तोहमेव च ॥
निस्पृहो निरपेक्षोहं निरीहोस्मिनिरंजकः ११

अकर्त्ताह मभोक्ताहमात्मकामस्वभाववान् ॥
भूमानंदस्वरूपोहं सर्वशोकविवर्जितः ॥१२॥

तत्त्वातीतस्वरूपोहं क्षेत्रज्ञोहमजोऽमृतः ॥
स्वमहिम्निप्रतिष्ठोहं शुद्धोहं प्रकृतेःपरः ॥१३॥

प्रज्ञानघनरूपोहं निर्द्वंद्वो निश्चलः सदा ॥
अपूर्वोऽनपरश्चास्मिनामरूपविवर्जितः ॥१४॥

परंधामस्वरूपोहमात्मारामोहमेव च ॥
सांख्ययोगाधिगम्योहमवाङ्मनसगोचरः १५

चिदादित्यस्वरूपोहं प्रज्ञानेत्रप्रकाशकः ॥
सर्वेषामनुमंताहं कर्माध्यक्षो न दोषभाक् १६

रामोहं वा[illegible]देवोस्मि नारायणोहमच्[illegible]तः ॥
गोविंदोहं हरि[illegible] रहमास्मि सदाशिवः १७॥
[illegible]र्वाणोहं परोलाभो नित्यविज्ञानविग्रहः ॥
शाश्वतोहं प्रशांत[illegible]हं संसारधर्मवर्जितः ॥१८॥
नित्यापरोक्षरूपोहं निष्प्रपंचोऽस्म्यहं सदा ॥
अनंतोहमनिर्दे[illegible] भेदाभेदविवर्जितः १९॥
सर्ववेदांतवेद्योहं नवावेद्यः कदाचन ॥
अनि[illegible]प्यस्वरूपोहं अप्रमेयोऽस्म्यहं सदा २०
निष्कलोहमचिंत्योहं निष्क्रियोहं निरामयः ॥
निर्विशेषस्वरूपोहं निरवद्यो निरंजनः ॥२१॥
निर्विकल्पस्वरूपोहमविज्ञेयोहमक्षयः ॥
निर्गुणोहं स्वयंज्योतिरग्राह्योहमलक्षणः २२॥
अ[illegible]मेव परं ब्रह्म परं ब्रह्माहमेव च ॥
अभेदलक्षणं ज्ञानं त[illegible]व मोक्षसाधनम् ॥२३॥

आत्मतत्त्वानुसंधानं कृतं येन मुमुक्षुणा ॥
तेन कर्म कृतं कृत्स्नं यज्ञदानादिकं शुभम् २४
आत्मविशेषणाख्येयं मालिका सामान्येऽर्पिता
यः कंठे धारयेत्प्रीत्या स गच्छेत्परमं पदम् २५
सदा शांताकारं प्रणतजनसंतापशमनं
गुणोदारागारं सततममलं मंगलतनुम् ॥
कृपापारावारं भवजलधिपारं परतरं
भजेऽहं तं नित्यं भवभयहरं श्रीहरिगुरुम्॥२६॥

समाप्त

મુદ્રક:—ગિરિજાશંકર ભગવાનજી જોશી.
જોશી આર્ટ પ્રીંટીંગ વર્ક્સ,
૭૭-૭૯, બઝારગેટ સ્ટ્રીટ, કોટ—મુંબઇ.

શુદ્ધિપત્ર.

પૃષ્ટ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૩	૧૯	ચ	ચચા
૪	૧૫	ળે	ળળે
,,	૧૬	ક્ષ	ક્ષક્ષા
,,	૧૭	ક્ષરક્ષર	ક્ષરઅક્ષર
,,	૧૮	ज्ञ	ज्ञज्ञा
૫	૫	આદિસ	આદેશ
૧૦	૯	સવ	સર્વ
૧૩	૧૪	બહ્ય	બાહ્ય
૧૪	૭	સ્વ	સ્વેં
,,	૮	કેંદી	કદીન
,,	૯	ભોખ	ભાખે
,,	૧૦	દુર્ભાગ્યા	દુર્ભાગ્ય
,,	૧૨	અજ્ઞાન	જ્ઞાન
,,	૧૪	ભેટટળ્યા	ભેદટાળ્યા
૧૫	૯	હોસે	જીહાસે
,,	૧૦	સપતિ	સંપત
,,	૧૮	વાપિ	વાષિ
૧૬	૩	વીર	વિસ્તર
૧૭	૧૦	સંકટમેં	શંકરમેં
૧૮	૩	સીસ	સીપી
,,	૧૨	એક છે	સેકછે
૨૦	૧૧	द्रव्य	द्रव्यं
૨૯	૫	असो	असौ
૩૦	૯	हार	हार्द
૩૧	૧	वर्तिय	वर्ति

૩૫	૯	कोसंघ	कीसंध
૩૬	૬	निखिला	निखिले
,,	૮	त्तिर्मार	त्तिमिर
૩૭	૨	बुद्धि	बुद्धिः
,,	૪	प्रोपितो	प्रोषितो
૩૮	૨	નિગમ	નિગમાગમ
,,	૯	છેરે	રેછે
,,	૧૩	નિશ્ચય	નિશ્ચલ
૪૦	૧૩	અનાહુર	અનાદર
,,	૧૪	સ્ંદ	રહુંદ
૪૧	૧	बोद्यां	बोधो
,,	,,	भ्रम	भ्रमः
૪૫	૮	तत्वि	तद्धि
,,	,,	सद्गुरुमेवाभीगछेत	सगुरुंमवाभिगच्छेत्
,,	,,	समीधपार्णा	समित्पाणि
,,	,,	श्रोत्रीय ब्रह्मनीष्टं	श्रोतियं ब्रह्मनिष्ठं
,,	૧૩	प्रणीपातेनपरी	प्रणिपातेनप
,,	૧૪	देक्ष्यंतीते	देक्ष्यंतिते
,,	,,	ज्ञाननिस्तत्वदशीनः	ज्ञानिनस्तत्त्वदर्शिनः
૪૬	૭	अहंमेतीअयं	अहंममेत्ययं
,,	,,	नाहंमेती	नाहंममेति
,,	૧૬	केषादी	कोषादि
,,	,,	योगन्तत्	योगेन
,,	,,	तनमय	तत्तन्मय
,,	,,	स्थीतः	स्थितः
,,	૧૭	सुधात्मा	शुद्धात्मा
,,	,,	वस्त्रादी	वस्त्रादि
,,	,,	स्फटीको	स्फटिको

४८	१७	घटाङ्क्षीन्न	घटाङ्क्षिन्नः
,,	१८	नाहंमीत्येव	नाहमित्येव
४९	४	वृत्ती	वृत्ति
,,	४	वीग्रह	विग्रहः
,,	५	कीमना	किन्ना
,,	,,	प्रपद्यते	प्रपद्यसे
,,	१९	भुमातत	भूमातत्
,,	,,	मस्ती	मस्ति
५२	१	मस्यादी	मस्यादि
,,	,,	मात्मनो	मात्मनोः
,,	२	विषय	विषयं
,,	,,	तदीदं	तदिदं
,,	१९	कुटस्थो	कूटस्थो
,,	,	चींचतुर्वींधा	त्रिश्चतुर्विधा
,,	,,	अम्र	म्र
५९	२	गोशः	घोषः
,,	१०	धावती	धावति
६१	५	विधा	विद्या
,,	,,	सेषम्	शेषम्
,,	६	शोऽस्य	षोऽस्य
,,	१२	धांसी	धांसि
,,	,,	समीध्धोऽग्नी	समिद्धोग्नि
,,	१३	ज्ञानाग्नीः	ज्ञानाग्निः
,,	,,	कर्माणी	कर्माणि
,,	२०	ग्रंथीस्छिद्यते	ग्रंथिछिद्यन्ते
,,	२१	क्षीयते	क्षीयंते
,,	,,	कर्माणी	कर्माणि
,,	,,	तस्मीनन्दृष्टे	तस्मिंदृष्टे

६३	१४	मीथ्यात्व	मिथ्यात्व
,,	,,	नीश्चय	निश्चयः
६४	११	संसार	संसारः
,,	,,	तुल्योहा	तुल्योहि
,,	,,	द्वेषादी	द्वेषादि
,,	,,	शंकुलः	संकुलः
,,	१२	वत्माती	वध्नाति
,,	,,	प्रबोद्ये	प्रबोधे
,,	,,	वत्भवेत्	वध्नवेत्
६५	१	नीर्मलम्	निर्मलम्
,,	२	क्रत्वा	कृत्वा
,,	,,	नस्येज	नश्येन
६७	२०	वीज्ञात	विज्ञात
,,	,,	पुर्व	पूर्व
,,	,,	संसृति	संसृतिः
,,	२१	वहीर्मुख	बहिर्मुखः
६९	४	कालेऽपी	कालेऽपि
,,	,,	नीर्वाण	निर्वाण
,,	,,	मृच्छती	मृच्छति
७६	७	क्षुदान ६	क्षुद्रान ६
७८	५	गुरुरवे	गुरवे
७९	१	निर्विकार	निर्विकारः
,,	८	मधया	मेधया
,,	९	दूरादुर	दूराद्दूर
८०	१०	मवाक	मवाक्
,,	११	स्वरुपोहं	स्वरूपोहं
८१	२	हरिर्विष्ण	हरिर्विष्णु
,,	८	अप्रमयो	अप्रमेयो



જોશી આર્ટ, કોટ, મુંબઇ. ૧